| Date | Edition | Publication | Page no. |
|---|---|---|---|
| 27th August 2014 | Ahmedabad | Gujarat Pranam | 02 |

# ઈન્ડિયા ઈલેક્ટ્રસ-૨૦૧૪ લોંચ કરાયું

## ભારતનું સૌથી સર્વગ્રાહી ચૂંટણી સંબંધિત હકીકત પુસ્તક

**નવી દિલ્હી, 26 ઓગસ્ટ:** ચૂંટણીલક્ષી વિગતો અને વિશ્લેષણ પ્રસ્તુત કરતા ભારતના ટોચના પોર્ટલ - ElectionsinIndia.com દ્વારા આજે તેના **ઈન્ડિયા ઈલેક્ટ્સ – 2014** – *અ કોમ્પ્રીહેન્સીવ એનાલીસીસ ઓફ જનરલ ઈલેક્શન રીઝલ્ટ્સ ઓફ ઈન્ડિયા: 2009-2014* શિર્ષક ધરાવતા પુસ્તકનું ધ કોન્સટીટયૂશન હોલ, નવી દિલ્હી ખાતે વિમોચન કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં એનડીટીવી લિમિટેડના એક્ઝિક્યુટિવ ચેરપર્સન અને જાણીતા વિચારક, ડૉ. પ્રણોય રોય લિખિત પ્રસ્તાવના અને ડેટાનેટ ઈન્ડિયા પ્રા. લિ.ના ડિરેક્ટર ડૉ. આર કે ઠુકરાલની પૂર્વભૂમિકા છે.

પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરાયો છે કે, ભારત પાસે વિશ્વની સૌથી આધુનિક ઈલેક્ટ્રોનિક વોટિંગ પ્રણાલિ છે, ત્યારે તેમાં એ બાબતની ટીકા કરાઈ છે કે પોતાની ચૂંટણીઓ અંગે અત્યાર સુધી તેણે બહુ ઓછું પાયાગત સંશોધન કર્યું છે, અને આ કારણે જ *ઈન્ડિયા ઈલેક્ટ્સ – 2014* આટલું બધું મહત્ત્વ ધરાવે છે. પોતાના ગહન ડેટા દ્વારા આ પુસ્તક ભારતમાં ગત 7 એપ્રિલથી 12 મે 2014 દરમિયાન યોજાયેલી સામાન્ય ચૂંટણીઓનું વિશ્લેષણ ધરાવે છે, જે ભારતીય ઇતિહાસમાં સૌથી લાંબી ચૂંટણીઓ હતી અને વિશ્વભરની એક સૌથી મોટી મતદાન પ્રણાલિ હતી જેમાં 81.4 કરોડ મતદારોએ ભાગ લીધો હતો જેની તુલનામાં અમેરિકામાં 19.36 કરોડ અને યુકેમાં ફક્ત 4.55 કરોડ મતદારો ચૂંટણી પ્રક્રિયામાં જોડાયા હતા. ભારતમાં પ્રથમવાર કોંગ્રેસ સિવાયના કોઈ પક્ષે સ્પષ્ટ બહુમતિ મેળવી છે. પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરાયો છે કે 30 કરતા વધુ દેશના 140થી વધુ મુલાકાતીઓએ એક સર્વોત્તમ ચૂંટણી પ્રણાલિનો પ્રથમ-હસ્ત અનુભવ મેળવ્યો હતો જે હવે ઘણા દેશો માટે આદર્શ પ્રણાલિ તરીકે કામ કરી શકે છે.